# મેટ્રો અને સિટકોને મનપાની ચેતવણી

**ચોમાસામાં** લોકોને કોઈ તકલીફ પડવી જોઈએ નહીં

**મનપાની** સિટકો-મેટ્રો સાથે મેરેથોન બેઠક: બિનજરૂરી બેરિકેડ્સ હટાવવા તાકીદ કરાઈ

**મનપા**-સીટકો અને મેટ્રોના અધિકારીઓ આજે સંયુક્ત રાઉન્ડ

## ડામરની અછતના બહાને મેટ્રોએ છટકવા પ્રયાસ કર્યો, મનપાએ વર્ક ઓર્ડર માંગ્યો

મનપાના કડક વલણ સામે મેટ્રોના સત્તાધીશો દ્વારા લુલો બચાવ કરવામાં આવ્યો હતો કે ડામર મળતો નહી હોવાથી રસ્તા રીપેરીંગમાં સમય લાગે છે, જો કે મનપા કમિશનર અને સ્થાયી સમિત ચેરમેન દ્વારા મેટ્રોએ ડામર ખરીદવા માટે આપેલો વર્ક ઓર્ડર માંગતા મેટ્રોના અધિકારીઓ ગેં ગેં ફેં ફેં કરવા માંડયા હતા. જો કે મેટ્રોના અધિકારીઓએ પોતાની સફાઈ આપતા જણાવ્યું હતું કે, હાલમાં માત્ર સુરત રેલવે સ્ટેશનની આસપાસના અત્યંત વ્યસ્ત વિસ્તારોમાં જ બેરીકેડીંગ રાખવામાં આવ્યું છે, તે સિવાય બાકીના રૂટ પર જ્યાં સ્ટેશનના એન્ટ્રી-એક્ઝીટ પોઈન્ટ્સની કામગીરી ચાલુ છે માત્ર ત્યાં જ હાલ પૂરતા બેરીકેડ લગાવાયા છે. આ સાથે જ ચોમાસામાં બિસ્માર બનેલા રસ્તાઓની મરામત અંગે ખુલાસો કરતા તેમણે ઉમેર્યું હતું કે, રસ્તા રીપેરીંગના કામ માટે આવતા અઠવાડિયામાં ડામરનો પુરતો સ્ટોક ઉપલબ્ધ થઈ જશે, જેથી ડામરનો જથ્થો મળતાની સાથે જ અસરગ્રસ્ત રસ્તાઓનું રીપેરીંગ કામ પણ વહેલી તકે પૂર્ણ કરી દેવામાં આવશે.

### મીટિંગમાં શું શું નક્કી થયું

» ચોમાસામાં જ્યાં કામ નથી કરવાના ત્યાં બેરિકેડ ખોલી નાંખવા » જ્યાં મેટ્રો-સીટકોના કારણે રસ્તા તૂટ્યા છે, ત્યાં તાકીદે રસ્તા રીપેર કરવા » પાણી ડ્રેનેજની લાઇન ડેમેજ કરી હોય તેનો ખર્ચ જવાબદાર વિભાગ પાસેથી વસૂલાશે » દરેક ઝોનમાં મનપાના અધિકારીઓને સાથે રાખી મેટ્રોના અધિકારીઓએ રાઉન્ડ લેવો » એક અઠવાડીયા પછી મેયર-સ્થાયી ચેરમેન અને કમિશનર રાઉન્ડ લેશે

સુરતઃ શહેરમાં ચોમાસાના આગમનને હવે ગણતરીના કલાકો જ બાકી છે ત્યારે બુધવારે સવારે મ્યુનિસિપલ કમિશનર નાગરાજન, મેયર માયાબેન માવાણી અને સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય મેરેથોન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહત્વની બેઠકમાં મનપાના તમામ ઝોનના વડાઓ, કાર્યપાલક ઈજનેરો તેમજ મેટ્રો અને સિટકોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન શાસકો અને કમિશનર દ્વારા સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરવામાં આવી હતી કે, આગામી ચોમાસાની ઋતુમાં ભારે વરસાદ દરમિયાન રસ્તાઓ પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાતી હોય છે, તેથી મેટ્રો અને સિટકોના ચાલતા પ્રોજેક્ટ્સને કારણે નાગરિકોને કોઈ હાલાકી ન પડવી જોઈએ.

વહીવટી તંત્રએ આદેશ આપ્યો છે કે ટ્રાફિક વ્યવસ્થા સુગમ બનાવવા માટે શહેરમાં જે સ્થળોએ અત્યારે તાતી જરૂરિયાત ન હોય ત્યાંથી તાત્કાલિક અસરથી બેરિકેડ્સ હટાવી લેવામાં આવે.

હાલમાં સુરત શહેરમાં મેટ્રો ટ્રેનના પ્રથમ અને બીજા તબક્કાની કામગીરી તેમજ સુરત રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ માટે મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ હબ અંતર્ગત સિટકો દ્વારા સહારા દરવાજાથી રેલવે સ્ટેશન સુધીના એલિવેટેડ બ્રિજ બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

આ મોટા વિકાસ કાર્યોને લીધે ચોમાસામાં ટ્રાફિક જામ અને અકસ્માતની સમસ્યા ન સર્જાય તે માટે પાલિકા તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. બેઠકમાં અધિકારીઓને તાકીદ કરાઈ હતી કે માત્ર અનિવાર્ય હોય તેવા જ સ્થળો પર બેરિકેડ રાખવામાં આવે જેથી રસ્તાઓ મોકળા બને અને વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મોટી રાહત મળી શકે. મનપાના પદાધિકારીઓએ ચોમાસા દરમિયાન ખોદાયેલા રસ્તાઓ અને મેટ્રોના રૂટ પર વિશેષ તકેદારી રાખવા અને પ્રિ-મોન્સુન આયોજનને આખરી ઓપ આપવા કડક સૂચનાઓ આપી હતી.

## ભટારમાં પતિ સાથેના અણબનાવમાં પત્નીનો આપઘાત

સુરતઃ ભટારમાં લગ્નનાં ત્રણ વર્ષમાં પતિ સાથેના અણબનાવમાં પત્નીએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના વતની સુરેખા સાગર પ્રજાપતિ (ઉં.વ.34) હાલ ભટારના આઝાદનગર પાસે આવેલા ઈન્દિરાનગરમાં પરિવાર સાથે રહેતી હતી. સુરેખાના એક વખત છૂટાછેડા થયા બાદ ત્રણ વર્ષ પહેલા સાગર સાથે લગ્ન થયાં હતાં. લગ્ન બાદ દંપતીને એક પુત્ર છે. મંગળવારે બપોરે 3 વાગ્યાના સુમારે સુરેખાએ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, દંપતી વચ્ચે અવારનવાર ઝઘડા થતા રહેતા હતા. તેમજ પતિ સાથેના અણબનાવમાં આવી સુરેખાએ આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા છે. સુરેખાનો પતિ સાગર છૂટક મજૂરીકામ કરે છે.

**લખનૌ અગ્નિકાંડ બાદ મનપાનું ફાયર એક્શન મોડમાં**

# સુરતમાં અનેક શાળામાં ફાયર સેફ્ટી જ નથી, સિસ્ટમ લગાડવા ફાયરની નોટિસ


**એક** જ દિવસમાં 55 થી વધુ સ્કુલ-ક્લાસિસમાં ચેકિંગ

**ફાયર** સેફ્ટીની સિસ્ટમની યોગ્ય જાળવણી નહીં હોય તો પગલાં ભરાશે




સુરતઃ લખનૌમાં ટ્યુશન ક્લાસમાં લાગેલી આગમાં 15થી વધુ વિદ્યાર્થીના મોતની ઘટનાને પગલે સુરતની તક્ષશિલાની હોનારત યાદ કરાવી દીધી છે. લખનૌની ઘટનાને પગલે સુરત મનપાના ફાયર બ્રિગેડ વિભાગે બુધવારે વહેલી સવારથી જ શહેરના તમામ ઝોન વિસ્તારમાં અલગ-અલગ ટીમો બનાવીને શાળા, કોલેજો અને ટ્યુશન ક્લાસીસમાં ફાયર સેફ્ટી મુદ્દે એક વ્યાપક અને સઘન ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.આ આકસ્મિક તપાસ અભિયાન અંતર્ગત ફાયર બ્રિગેડની ટીમો દ્વારા સાંજ સુધીમાં 55થી વધુ શૈક્ષણિક સંકુલોમાં રેન્ડમલી તપાસ કરવામાં આવી રહી છે. જે સંકુલોમાં ફાયર સેફ્ટીની સુવિધાઓનો અભાવ જોવા મળ્યો છે, તેમને કાયદેસરની નોટિસ પાઠવીને વહેલી તકે સુવિધા ઊભી કરવા માટેનું કડક અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. જ્યારે જે સંકુલોમાં ફાયર સિસ્ટમ કાર્યરત છે, ત્યાં વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિતના સ્ટાફને કટોકટીના સમયે બચાવ અને રાહત કામગીરી કેવી રીતે કરવી તેનું પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ અંગે ફાયર વિભાગના ચીફ ઓફિસર બસંત પરીખે જણાવ્યું હતું કે, સુરક્ષા નિયમોમાં બેદરકારી દાખવનારા અથવા ફાયર સિસ્ટમની યોગ્ય જાળવણી ન કરનારા સંચાલકો સામે કાયદાકીય રીતે અત્યંત કડક પગલાં ભરવામાં આવશે.

## સુરતના કલાત્મક તાજિયા દિદાર માટે ખુલ્લા મુકાયા







■ કતલની રાત પહેલા સુરતના જુદા જુદા વિસ્તારમાં દિદાર માટે કલાત્મક તાજિયા ખુલ્લા મૂકાયા હતા.

(તસવીર : હેમંત ડેરે)

## પ્લાન મંજૂરી માટે હવે એક જ સંકલિત એફિડેવિટ

**અગાઉ** અરજદારથી માંડીને આર્કિટેક્ટ્સે વિવિધ મુદ્દે અલગ અલગ એફિડેવિટ આપવી પડતી હતી

સુરતઃ શહેરમાં નવું ઘર કે બિલ્ડિંગ બનાવવા માટે પ્લાન મંજૂર કરાવવાની પ્રક્રિયામાં હવેથી એક જ એફિડેવિટ આપવાની રહેશે.

અત્યાર સુધી મનપા વિસ્તારમાં બાંધકામની મંજૂરી મેળવવા માટે અરજદારો, એન્જિનિયરો કે આર્કિટેક્ટ્સ દ્વારા વિવિધ બાબતો માટે અલગ-અલગ બાંહેધરી પત્રો (એફિડેવિટ) રજૂ કરવા પડતા હતા. પરંતુ આર્કિટેક્ટ અને એન્જિનિયર એસોસિએશનની રજૂઆતને ધ્યાને રાખીને, હવેથી આ તમામ અલગ-અલગ એફિડેવિટના બદલે માત્ર એક જ 'સંકલિત બાંહેધરી' (સિંગલ એફિડેવિટ) લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી સામાન્ય નાગરિકોને વારંવાર સ્ટેમ્પ પેપર અને નોટરી કરાવવાના મોટા ખર્ચ તેમજ સમયમાંથી મોટી રાહત મળશે. આ અગાઉ સુડા દ્વારા પણ આ પ્રકારે એક જ સંકલિત બાંહેધરી લેવાની પ્રથા અમલમાં મૂકવામાં આવી હતી. પાલિકાના ઈન્ચાર્જ નગર નિયોજક દ્વારા તમામ ઝોનના કાર્યપાલક ઈજનેરોને આ સિંગલ એફિડેવિટની પ્રથા તાત્કાલિક અસરથી અમલમાં લાવવા આદેશ કરી દેવાયો છે.

# 17 વર્ષીય સગીરાને ભગાડનાર વિધર્મી માતા-પુત્રીની ધરપકડ

**11** મેના રોજ હિન્દુ સગીરા ઘરેથી ગુમ થઇ ગઇ હતી

સુરતઃલિંબાયત વિસ્તારમાંથી ૧૭ વર્ષીય સગીરાને વિધર્મી સાથે ભગાડવામાં મદદ કરનાર વિધર્મીની ફોઈ અને તેની પુત્રીની ધરપકડ કરી છે.કિશોરીને ભગાડનાર વસીમ નામના ઈસમની પણ અટકાયત કરી લીધી છે. કિશોરી વિધર્મી સાથે રહેતા હાલ ડિપ્રેશનમાં હોવાથી હાલ તપાસ અટકી પડી છે.

મળતી વિગતો અનુસાર, ગત 11 મે 2026ના રોજ લિંબાયતમાં રહેતી મુળ મહારાષ્ટ્રના શ્રમિક પરિવારની ૧૭ વર્ષની સગીર દીકરી ગુમ થઈ હતી. તપાસમાં તેને વસીમ નામનો યુવાન ભગાડી ગયો હોવાનું બહાર આવ્યું હતું. આ કેસમાં પોલીસે સગીરાને ભગાડવામાં વસીમની મદદ કરનાર શેનાઝબાનુ ઉર્ફે કિરણબેન (ઉં.વ. ૨૭), તે રાહુલ રાવતની પત્ની તથા રજાક મુલ્તાનીની દીકરી છે, ધંધો-ઘરકામ, રહે. હુડલાવાળા શેરી, સોમનાથ પ્લાયની દુકાન પાસે, ધરીયાવડ રોડ, તાલાળા, જી. ગીર સોમનાથ અને ફરીદાબેન (ઉં.વ. ૩૭, તે અબ્દુલ રજાક મુલ્તાનીની પત્ની છે (ધંધો- હેન્ડ વર્ક, રહે. પ્લોટ નં. ૦૭, સર્વિસ સ્ટેશન પાસે, તવક્કલનગર, ઉન પાટીયા) ની ધરપકડ કરી છે.

આથી લીંબાયત પોલીસે અપહરણના ગુનામાં વિવિધ કલમોનો ઉમેરો કરી ગતરોજ માતા-પુત્રીની ધરપકડ કરી હતી. બંનેની પુછપરછમાં જાણવા મળ્યું હતું કે ફરીદા વસીમની ફોઈ છે. જ્યારે તેમની પુત્રી શહેનાઝે પણ હિન્દુ યુવાન સાથે લગ્ન કર્યા છે.લીંબાયત પોલીસે વસીમને પણ ઝડપી લીધો હોવાનું જાણવા મળ્યું છે.પોલીસે આ મામલે પોલીસે જણાવ્યું હતું કે,કિશોરી એક મહિના વિધર્મી ત્યાં રહી હોવાથી હાલ માનસિક સંતુલન ગુમાવી બેઠી છે, જેથી તેનું કાઉન્સિલિંગ કરવું ક્રિટિકલ છે હાલ આટલી માહિતી એકત્ર કરવામાં સફળતા મળી છે.લીંબાયત પોલીસે અપહરણના ગુનામાં વિવિધ કલમોનો ઉમેરો કરી વધુ તપાસ શરૂ કરી છે.

## ઉધનામાં ક્રેનમાં ઈંટો ચડાવતી વખતે દીવાલ સાથે દબાઈ જતાં યુવકનું મોત

સુરતઃ મૂળ પશ્ચિમ બંગાળના વતની અશરફ યુસુફ શેખ (ઉં.વ.30) હાલમાં ઉધના BRC પાસે આવેલા શ્રી લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રિઝમાં રહેતો હતો અને ત્યાં જ મજૂરી કરતો હતો. 20મી તારીખે તે પહેલા માળે ઊભો રહી નીચેથી ક્રેન મારફતે ઉપર આવતી ઈંટોને ઉતારીને સાઈડ પર મૂકવાનું કામ કરી રહ્યો હતો. તે સમયે ઈંટોથી ભરેલી ક્રેનની ઝોલી અને પાછળની દીવાલ વચ્ચે અશરફ ફસાઈ ગયો હતો. આ અકસ્માતમાં અશરફને છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત થયું હતું.

# ભીમરાડના શાહ દંપતી સામે ૨.૪૬ કરોડની ઠગાઈની ફરિયાદ

**ફરિયાદી** તથા તેમની માતાએ વેપારીની દુકાનમાં જ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો

સુરતઃ ડાયમંડ ચોંટાડવાના જોબવર્ક પેટે બાકી નીકળતા રૂ. ૨,૪૬,૯૦,૦૮૯નું પેમેન્ટ ન ચૂકવી, ઉલટાનું સુરક્ષા પેટે આપેલા ચેકોમાં લાખો રૂપિયાની છેડછાડ કરી બેંકમાં ભરી દઈ છેતરપિંડી થઇ છે. જેમાં ધંધાકીય હિસાબના વિવાદથી કંટાળી ગયેલા યુવાન વેપારીએ આરોપીની દુકાનમાં જ ઝેરી દવા પી આપઘાતની કોશિશ કરી હતી. પુત્રને બચાવવા દોડેલી માતાએ પણ બચેલી દવા પી લેતા બંનેને ગંભીર હાલતમાં સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી. પોલીસે દંપતી વેપારી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, વરાછા અશ્વિનીકુમાર રોડ ખાતે રહેતા અને સાડીઓ પર હેન્ડ ડાયમંડ ચોંટાડવાનું જોબવર્ક કરતા અક્ષિતભાઈ અનુપભાઈ રૂપારેલ (ઉ.વ. 32) નો અલથાણ ભીમરાડ રોડ સ્થિત 'સ્વરા ડિઝાઈનર' અને 'જીની ડિઝાઈનર'ના સંચાલક આશિષ ભેરુલાલ શાહ તથા તેમની પત્ની અનીતા આશિષ શાહ (બંને રહેઃ સ્વાગત ક્લીફટઓન, અલથાણ ભીમરાડ રોડ)સાથે વર્ષોથી ધંધાકીય વ્યવહાર હતો. અક્ષિતભાઈએ ધંધા માટે આશિષ શાહ પાસેથી 10 લાખ વ્યાજે લીધા હતા અને તેના બદલામાં 12 સિક્યોરિટી ચેકો આપ્યા હતા. બાદમાં જોબવર્કના કરોડો રૂપિયાના વ્યવહારમાંથી 2.46 કરોડથી વધુ રકમ બાકી નીકળતી હોવા છતાં આરોપીઓએ હિસાબ ચૂકવવાનો ઈનકાર કર્યો હતો. એટલું જ નહીં, ફરિયાદીને ધમકાવી વીડિયો ઉતારી 'હવે આપણો હિસાબ પૂરો' કહી પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી.

આર્થિક અને માનસિક દબાણ વધતાં અક્ષિતભાઈ 24 માર્ચના રોજ માતા-પિતા સાથે આરોપીની દુકાને હિસાબ કરવા પહોંચ્યા હતા. ત્યાં પણ સંતોષકારક જવાબ ન મળતા અને ફોન પર ધમકીઓ મળતાં તેઓ ભારે નિરાશામાં ગરકાવ થઈ ગયા હતા. દરમિયાન અક્ષિતભાઈએ દુકાનમાં જ અનાજમાં નાખવાની ઝેરી દવા પી લીધી હતી. પુત્રને બચાવવાના પ્રયાસમાં તેમની માતા રીટાબેને પણ બચેલી દવા પી લેતા બંનેની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન આરોપીના સગા-સંબંધીઓએ આવી સમાધાન અને હિસાબ ચૂકવી આપવાના વાયદા કર્યા હતા, પરંતુ બાદમાં કોઈ કાર્યવાહી કરી નહોતી. આખરે પોલીસે આશિષ ભેરુલાલ શાહ અને અનીતા આશિષ શાહ સામે ગુનો નોધ્યો છે.

## મોટા વરાછામાં રત્નકલાકારે પાંચમાં માળેથી પડતું મૂક્યું

સુરતઃ મોટાવરાછામાં જીવનથી કંટાળીને રત્નકલાકારે પાંચમાં માળેથી પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. પાંચ વર્ષ પહેલા છૂટાછેડા થયા બાદ વર્ષ પહેલા મયુરની નોકરી પણ છૂટી ગઈ હતી.મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના મેસણકા ગામના વતની મયુર બાલાભાઈ માંગુકિયા (32 વર્ષ) હાલમાં મોટાવરાછા ખાતે આવેલ ઓમકાર રેસીડેન્સીમાં પરિવાર સાથે રહેતો હતો અને રત્નકલાકાર તરીકે કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. મયુરના પાંચેક વર્ષ પહેલા છૂટાછેડા થઈ ગયા હતા. તેમજ એકાદ વર્ષથી તેની નોકરી પણ છૂટી ગઈ હતી.

કાલે રાત્રે મયુરે ઘરની બિલ્ડિંગના પાંચમા માળે આવેલ અગાસી પરથી પડતું મૂક્યું હતું. સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ટુંકી સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

# ખોદાણ બાદ બેદરકારી હશે તો ઈજારદારો પાસેથી ખર્ચ વસૂલાશે

**ડ્રેનેજ** અને હાઇડ્રોલિક લાઇનના કામ બાદ પુરાણ-વોટરિંગમાં લાલીયાવાડી કરનારી એજન્સીઓ સામે મનપા કડક; બિલમાંથી ખર્ચ કપાશે

સુરત:સુરત મહાનગરપાલિકાએ શહેરમાં રસ્તા ખોદાણ બાદ પુરાણ અને વોટરિંગની કામગીરીમાં બેદરકારી દાખવનારા ઈજારદારો સામે કડક વલણ અપનાવ્યું છે. ડ્રેનેજ, પાણી અને સ્ટોર્મ ડ્રેનેજ લાઈનના કામ માટે નિયુક્ત એજન્સીઓ દ્વારા ખોદકામ બાદ યોગ્ય રીતે પુરાણ અને વોટરિંગ ન કરાતા ચોમાસામાં રોડ બેસી જવા, ભુવા પડવા અને ટ્રેન્ચ ધસી જવાની સમસ્યાઓ સર્જાઈ રહી છે. હવે આવી સ્થિતિમાં રોડ ટ્રેન્ચ રિપેરિંગ પાછળ થતો સમગ્ર ખર્ચ સંબંધિત ઈજારદારો પાસેથી વસૂલ કરવામાં આવશે.

ઈન્ચાર્જ સિટી ઈજનેર ભગવાગરે તમામ ઝોન અને વિભાગોને આ અંગે વિધિવત સૂચના પાઠવી છે. સૂચના મુજબ, તાત્કાલિક અસરથી ઝોન કચેરીઓ દ્વારા ટ્રેન્ચ રિપેરિંગ અને રોડ પુનઃસ્થાપનાની કામગીરી હાથ ધરવામાં આવશે. ત્યારબાદ થયેલા ખર્ચની વિગત સંબંધિત વિભાગને મોકલવામાં આવશે અને તે રકમ ઈજારદારના બિલમાંથી કપાશે. તાજેતરમાં નવા રીકાર્પેટ કરાયેલા રસ્તાઓ પર ખોદાણ બાદ યોગ્ય પુરાણ ન થતાં મનપાની બસો અને ડમ્પરો ફસાવાની ઘટનાઓ સામે આવી હતી. ચોમાસા પહેલાં જ રસ્તાઓ પર ખાડા અને ભુવા પડતા મનપાની કામગીરી સામે પ્રશ્નો ઊભા થયા હતા. કમિશનર શાલિની અગ્રવાલ અને પદાધિકારીઓની તાકીદ બાદ હવે જવાબદારી નક્કી કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.મનપાના આ નિર્ણયથી રોડ ખોદાણ બાદની કામગીરીમાં ગુણવત્તા જળવાશે અને બેદરકાર ઈજારદારો પર આર્થિક જવાબદારી પણ નિશ્ચિત થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ICEAના કાર્યક્રમમાં એન્જિનિયરો અને આર્કિટેક્ટ સંગીતના તાલે ઝૂમ્યા




સુરતઃ એન્જિનિયર અને આર્કિટેક્ટ માટેની દક્ષિણ ગુજરાતની એકમાત્ર અને જૂનામાં જૂની સંસ્થા ICEA ઇન્સ્ટિટ્યુટ ઓફ સિવિલ એન્જિનિયર એન્ડ આર્કિટેક્ટ દ્વારા કરાઓકેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સૌ સભ્યોએ પરિવાર સહિત આ કાર્યક્રમને માણ્યો હતો.

### શ્રી સુરતી મોઢ વણિક નાનપુરા મહિલા મંડળ જનરલ મિટિંગ મળી



સુરતઃ સુમોવ નાનપુરા મહિલા મંડળની જનરલ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુકેશ જોગી અને તેમના પુત્ર રાકેશ જોગીને આમંત્રિત કર્યા હતાં. એક વિસરાતા વાજિંત્ર રાવણહથ્થા પર અભણ મુકેશએ ગીતો ગાઈને પોતાના બાળકોને સુશિક્ષિત કર્યા. રાકેશ જોગી લોક સાહિત્યકાર છે. તેમણે બહેન, માં-દીકરી, વ્હાલનો દરિયો વિશે વાતો કરી તેને લગતા ગીતો ગાયા હતા. પ્રમુખ ભાનુબેન, ઉપપ્રમુખ સ્મિતાબેને પિતા-પુત્રનું સન્માન કર્યું હતું. વ્યવસ્થા ફાલ્ગુનીબેન અને તનુજાબેને સંભાળી હતી.

### IITમાં પ્રવેશ મેળવનારા સુરત ગુરુકુલના ચાર વિદ્યાર્થીને સન્માનિત કરાયા



સુરતઃ રાષ્ટ્રની ગતિ કે અધોગતિનો આધાર શિક્ષણ છે, એ તમને અહીં શિક્ષકો આપી રહ્યા છે એમ વેડરોડ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય સુરતમાં શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામીએ કહ્યું હતું.આજેસુરત ગુરુકુલ ખાતે દેવકૃષ્ણદાસજી સ્વામીના વિદ્યાલયમાં આગમન પ્રસંગે વિજ્ઞાન અને રોબોટિક્સના જીવંત પ્રયોગો, યોગાસનો , લેઝીમ, વિવિધ આકર્ષક રંગારંગ કૃતિઓ રજૂ કરી હતી. આ અવસરે પ્રતિષ્ઠિત IIT માં પ્રવેશ મેળવનારા, સુરત ગુરુકુલ વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પલ સંજયભાઈ દોંગા, જૈનમ રાજેશ ખત્રી, શ્રેય ભરતભાઈ બગડિયા, વ્રજ નિલેશભાઈ સલિયાનુંદેવકૃષ્ણદાસજી સ્વામીજીના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સુરત ગુરુકુલના મહંત પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામીએ ઉદ્બોધનમાં બાળકોને ગુરુ અને ગરુકુલની વાત કરી સંસ્કાર અને સત્પથ પર ચાલવા પ્રેરિત કર્યા હતા.

### મોબાઈલએ સંસ્કૃતિ, સંસ્કાર અને સદાચારનો ખાત્મો બોલાવ્યો છે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ અંજુર ફાટા સ્થિત શ્રી શંખેશ્વરધામ શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આરાધનાભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, સંસ્કૃતિ, સંસ્કાર અને સદાચારનો ખાત્મો બોલાવવાનું કામ મોબાઈલ નામના રાક્ષસે કર્યું છે. ઈન્સાનને શેતાન અને હેવાન બનાવવાનું કામ મોબાઈલ નામનું ભૂત કરે છે. આધુનિક યુગના અભિશાપ સમાન ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ અને સોશિયલ મિડીયાનાં અતિરેકે કાળો કેર વર્તાવ્યો છે. હકીકતમાં ટી.વી., ઓટીટી પ્લેટફોર્મ, મોબાઈલ ફોન અને સોશિયલ મિડીયા પ્લેટફોર્મ્સને કારણે માનવીની આંખ અને સ્ક્રીનની જુગલબંધી જોખમી લેવલે પહોંચી રહી છે. આ અતિરેકે કુટુંબ, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે ખૂબ હાનિકારક છે.

### પંચમ્ ગ્રુપ દ્વારા મોઢવણિક વૈષ્ણવ સમાજ ઉપક્રમે સંગીત સંધ્યા યોજાઈ



સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત મોઢ વણિક વૈષ્ણવ સમાજના ઉપક્રમે પંચમ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા ૨૦મી જૂન શનિવારે રોયલ ડાઇન પાલ ખાતે સંગીત સંધ્યાનો ૩૭૭મો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રિદ્ધિષકુમાર, આશિષ દારૂવાલા, પૂનમ કિશનાની અને જસ્સી પટેલે ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. નિલેશ ઝવેરી અને ગૌરાંગ શાહે કલાકારોનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પૂનમ કિશનાનીએ કર્યું હતું.

### ગિજુભાઈ બધેકાના નિર્વાણ દિને વાર્તા કથન અને ગીત ગુંજન કાર્યક્રમ યોજાયો



સુરતઃ જીવનભારતી મંડળ સંચાલિત તારામોતી જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય બાળભવન ખાતે તા. 23 જૂન, 2026ના રોજ બાળ કેળવણીના પ્રણેતા અને પ્રવૃત્તિમય શિક્ષણના પ્રોત્સાહક શ્રી ગિજુભાઈ બધેકાના નિર્વાણ દિન નિમિત્તે વાર્તા કથન અને ગીત ગુંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વાર્તાકાર અને બાળસાહિત્યકાર આદિત્યભાઈ ઝાલાએ ઉપસ્થિત રહી બાળકોને ચિત્ર વાર્તા કથન દ્વારા રસપ્રદ વાર્તાઓનો રસાસ્વાદ કરાવ્યો હતો. શિક્ષકોએ બાળગીતો અભિનય સાથે રજૂ કરી ગિજુભાઈ બધેકાને સ્મરણાંજલિ અર્પણ કરી હતી.

### એનટીપીસી કવાસ દ્વારા 7 ગામના 1200 વિદ્યાર્થીને યુનિફોર્મ અને શૂઝનું વિતરણ



સુરત : એનટીપીસી કવાસ દ્વારા કોર્પોરેટ સામાજિક જવાબદારી કાર્યક્રમ અંતર્ગત આસપાસના સુંવાલી, દામકા, રાજગીરી, વાંસવા, મોરા, ભટલાઇ અને જૂનાગામની સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને કુલ 1,200 સ્કૂલ યુનિફોર્મ અને શૂઝનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સ્વાતિ મહિલામંડળનાં અધ્યક્ષ નીતા કેરહાલકર, મહિલા મંડળની હોદ્દેદારો, સુચરિતા (ઉપ મહાપ્રબંધક-માનવ સંસાધન), પ્રવીણ કુમાર (કાર્યકારી-સીએસઆર), એનટીપીસીના કર્મચારીઓ તેમજ શાળાના આચાર્યો અને શિક્ષકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.